અપીલ અરજી નં.૩૨૭ તા.૧૮–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલની તા.૧–૧૨–૧૦ ની અરજીથી (૧) ટીપી સ્કીમ નં.૩૧ (અડાજણ)ફા.પ્લોટ નં.૯૫ અને ૯૭ જેનો રે.સ. નં.૨૮/૨ તથા ૨૮/૪ અન્વયે અમો અરજદારે વાંધા અરજી આપેલ હતી અને તમો ધ્વારા અમો અરજદારને તમોના પત્ર ક્રમાંક ટીડીઓ/૩૫૮૧ તા.૪–૧૧–૧૦ ના રોજ જણાવેલ છે કે સ્થળ પર ટેમ્પરરી કેબીન/ ઓફિસનું શરૂ થયેલ બાંધકામ બંધ/સ્થગિત કરાવેલ છે તેમજ ફા.પ્લોટ નંબર ૯૫ અને ૯૭ માં વિકાસ પરવાનગી આપવાની કાર્યવાહી પ્રોસેસ હેઠળ છે. આમ આ જમીનમાં ઉકત મુજબ હજુ સુધી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે પરંતુ હાલ સ્થળ પર પાકું ચણતરવાળું આર.સી.સી ઓફિસનું કામ જોર શોરથી ચાલી રહેલ છે અને સ્થળ પર આપ સાહેબશ્રીની પરવાનગી વગર ચાલતું કરેલ બાંધકામ કાયદેસરનું છે કે ગેરકાયદેસરનું તેનું વિસ્તૃત ખુલાસા સાથે અને બોમ્બે મ્યુ. લોઝ હેઠળની માહિતી. વિગરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૭/૨૦૧૦–૧૧

શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલની તા.૧–૧૨–૧૦ ની અરજીથી (૧) ટીપી સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૯૫ અને ૯૭ જેનો રે.સ. નં.૨૮/૨ તથા ૨૮/૪ અન્વયે અમો અરજદારે વાંધા અરજી આપેલ હતી અને તમો ધ્વારા અમો અરજદારને તમોના પત્ર ક્રમાંક ટીડીઓ/૩૫૮૧, તા.૪–૧૧–૧૦ ના રોજ જણાવેલ છે કે સ્થળ પર ટેમ્પરરી કેબીન/ ઓફિસનું શરૂ થયેલ બાંધકામ બંધ/સ્થગિત કરાવેલ છે તેમજ ફા.પ્લોટ નંબર ૯૫ અને ૯૭ માં વિકાસ પરવાનગી આપવાની કાર્યવાહી પ્રોસેસ હેઠળ છે. આમ આ જમીનમાં ઉકત મુજબ હજુ સુધી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ હાલ સ્થળ પર પાકું ચણતરવાળું આર.સી.સી ઓફિસનું કામ જોર શોરથી ચાલી રહેલ છે અને સ્થળ પર આપ સાહેબશ્રીની પરવાનગી વગર ચાલતું કરેલ બાંધકામ કાયદેસરનું છે કે ગેરકાયદેસરનું તેનું વિસ્તૃત ખુલાસા સાથે અને બોમ્બે મ્યુ. લોઝ હેઠળની માહિતી. વિગરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૭ તા.૨૮–૧૨–૧૦ ના રોજના નિર્ણયથી નારાજ થઈ તેમજ કોઈ પણ મુદ્દાઓનો જવાબ આપેલ નથી અને ગોળ ગોળ તેમજ ઉડાઉ જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજૂ કરવા સહિતની સ્પષ્ટતા પણ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૯ તા.૨૫–૧–૧૧ થી ઈ.ચા. ડે.કમિ.અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા અરજદારને અપીલ અરજી પૈકી કઈ માહિતી યોગ્ય રીતે મળેલ નથી તથા અપીલના આધાર પુરાવાની કોઈ વિગતો જણાવેલ ન હોઈ તે વિગતો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૫–૨–૧૧ ના રોજ માહિતીના પૂર્તતા રીપોર્ટની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૧ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૭ તા.૨૮–૧૨–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૨૨૦ તા.૪–૧૨–૧૦ થી રાંદેરઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસને તબદીલી અંગે અરજદારને જાણ કરતા પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ડે.કમિ.(પી એન્ડડી) તરફથી પત્ર નં.ટીડીઓ/૩૫૮૧ તા.૪–૧૧–૧૦ થી અરજદારને આપેલ જવાબની નકલ, ગેરકાયદેસર ચાલતા બાંધકામના ફોટાની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તથા પત્ર નં.ટીડીઓ ૪૯૧૭ તા.૨૫–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની અપીલ અરજીમાં નમુના –ક ધ્વારા ૪ મુદ્દાની માહિતી માંગેલ હતી જે પૈકી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોને ફકત મુદ્દા નં.૧ ની પૂર્તતા કરેલ છે બાકીના એક પણ મુદ્દાની પૂર્તતા કરેલન થી તેવું જણાવી અપીલ અરજી કરેલ. જે અંગે મુદ્દા ન.૧ ની પૂર્તતા વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૧૭ તા.૨૮–૧૨–૧૦ થી વેસ્ટઝોન તરફથી કરવામાં આવેલ છે. જેથી સદર અરજી અન્વયે બાકીના મુદ્દા અંગેની જરૂરી જવાબ અરજદારે વેસ્ટઝોન કચેરીમાંથી મેળવવાનો રહે છે તેવું જણાવેલ છે. સાથે વેસ્ટઝોનના જવાબની નકલ તબદીલ અરજીની નકલ, મુળ અરજીની નકલ તથા બાંધકામના ફોટાઓ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧–૧૨–૧૦ ની અરજી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૫ તા.૧૦–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન તથા ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ટીપી સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૯૫ અને ૯૭ જેનો રે.સ. નં.૨૮/૨ તથા ૨૮/૪ અન્વયે અમો અરજદારે વાંધા અરજી આપેલ હતી અને તમો

ધ્વારા અમો અરજદારને તમોના પત્ર ક્રમાંક ટીડીઓ/૩૫૮૧, તા.૪–૧૧–૧૦ ના રોજ જણાવેલ છે કે સ્થળ પર ટેમ્પરરી કેબીન/ ઓફિસનું શરૂ થયેલ બાંધકામ બંધ/સ્થગિત કરાવેલ છે તેમજ ફા.પ્લોટ નંબર ૯૫ અને ૯૭ માં વિકાસ પરવાનગી આપવાની કાર્યવાહી પ્રોસેસ હેઠળ છે. આમ આ જમીનમાં ઉકત મુજબ હજુ સુધી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ હાલ સ્થળ પર પાકું ચણતરવાળું આર.સી.સી ઓફિસનું કામ જોર શોરથી ચાલી રહેલ છે અને સ્થળ પર આપ સાહેબશ્રીની પરવાનગી વગર ચાલતું કરેલ બાંધકામ કાયદેસરનું છે કે ગેરકાયદેસરનું તેનું વિસ્તૃત ખુલાસા સાથે અને બોમ્બે મ્યુ. લોઝ હેઠળની માહિતી. મુદ્દા નં.(૨) જો આપ સાહેબશ્રી ધ્વારા કોઈ પણ જાતના વિકાસલક્ષી પરવાનગી આપેલ નહીં હોય અને સ્થળ પર પાકુ ચણતરવાળુ આર.સી.સી ઓફિસ અંગેનું બાંધકામ ચાલતું હોય તો તેવું બાંધકામ કાયદેસર રીતે તથા બોમ્બે મ્યુ. લોઝ હેઠળ કેટલા સમયમાં તોડી પાડવામાં આવે તેની માહિતી આપો અને જો આપ સાહેબશ્રીએ કેવું બાંધકામ કરવાની પરવાનગી હંગામી ધોરણે આપેલ હોય તો તમો ધ્વારા અમોને ટીડીઓ/૩૫૮૧ તા.૪–૧૧–૧૦ ના રોજ ના પત્રનું કેટલું મહત્વ તેની માહિતી આપો. મુદ્દા નં.(૩) સ્થળ પર પાકુ ચણતરવાળુ મકાન હોય અને તે પાકુ ચણતરવાળુ મકાન અંગેની આપ સાહેબશ્રી ધ્વારા વેરા લેવામાં આવે છે કે કેમ તેની માહિતી આપો. મુદ્દા નં.(૪) હાલમાં પાકુ ચણતરવાળુ આર.સી.સી. ઓફિસ બનાવવાની કામગીરી ચાલી રહેલ હોય અને જયારે આપ સાહેબશ્રી સદર અરજીનો જવાબ આપો ત્યારે કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોય અને તે સમય દરમ્યાન નામદાર સીવીલ કોર્ટ ધ્વારા મનાઈ હુકમ આપવમાં આવે તો તે સમય દરમ્યાન શું આપ સાહેબશ્રીની કચેરી ધ્વારા પાકુ ચણતરવાળુ આર.સી.સી. ઓફિસ તોડી પાડવામાં આવે છે કે કેમ? તેની માહિતી આપો અને જો તેમ કરવામાં નહી આવે તો તે પાકુ ચણતરવાળુ આર.સી.સી. ઓફિસ અંગેની કાયદેસરતા કેટલી? અને તે પાકુ ચણતરવાળુ આર.સી.સી. ઓફિસને લઈને કોઈ પણ ત્રાહિત વ્યકિત સ્ટે પજેસન કે અર્ડવઝ પજેસનનો દાવો કરે તો તેની જવાબદારી કોની કોની રહે તેની માહિતી આપો. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૭ તા.૨૮–૧૨–૧૦ થી અરજદારે માંગેલ અડાજણ ટીપી સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૯૫ અને ૯૭ જેનો રે.સ. નં.૨૮/૨ તથા ૨૮/૪ માં સ્થળ પર બાંધકામ ચાલુ હોય કોર્પોરેશનના દફતરે દાખલ નથી તેમજ તેનો વેરો પણ લેવામાં આવતો નથી તેવું જણાવેલ છે. જયારે ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ હોઈ તેવું જણાતું નથી. જયારે અરજદાર પાસેથી અપીલના આધાર પુરાવાની વિગત માંગતા તા.૧૫–૨–૧૧ ના પત્રથી નમુનો–ક ધ્વારા ૪ મુદ્દાની માહિતી માંગેલ હતી જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ (પશ્ચિમઝોન) સુરતનાએ ફકત મુદ્દા નં.૧ ના ની સામે પૂર્તતા આપેલ છે જે આરટીઆઈની જોગવાઈ વિરુધ્ધની છે અને બાકીના મુદ્દાની પૂર્તતા આપેલ નથી જે કારણોસર તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી વેરો લેવામાં આવતો નથી તેવી માહિતી જોતાં મુદ્દા નં.૩ ની માહિતી તેમને મળેલ જણાય છે. મુદ્દા નં.૪ અંગે સમર્થનમાં ફોટોગ્રાફની નકલો રજૂ કરેલ છે. આમ મુદ્દા નં. ૧ અંશતઃ તથા ૨ ,૪ અંગે કોઈ માહિતી અરજદારને મળેલ જણાતી નથી કે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી કક્ષાએથી તબદીલ થયેલ અરજી અંગે પત્ર નં.ટીડીઓ/૪૯૧૭ તા. ૨૫–૨–૧૧ ની પૂરક વિગતો જણાવવામાં આવેલ છે. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૬૧૭ તા.૨૮–૧૨–૧૦થી મુદ્દા એક થી જવાબ કરેલ છે. જેની સામે અરજદારે અપીલમાં બાકીના મુદ્દાઓના જવાબ અંગે અપીલ કરેલ છે જે વેસ્ટઝોન પાસેથી મેળવવાના રહે છે. તેવું જણાવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે પણ મુદ્દા નં.૧ અને ૨ માં પત્ર નં.ટીડીઓ/૩૫૮૧ તા.૪–૧૧–૧૦ ના સંદર્ભમાં માહિતી માંગેલ છે. જેથી તેટલા અંશે તેની દફતરી માહિતીનો સંદર્ભ મધ્યસ્થ શહેર વિકાસ કક્ષાએ હોય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી મુદ્દા નં.૧ થી ૪ પૈકી મુદ્દા નં.૧અંશતઃ તથા મુદ્દા નં.૨, ૪ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં તેમના કાર્યક્ષેત્રને સ્પર્શતી બાબતે પૂરી પાડવા અનુક્રમે ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા ડે.કમિ.(પીએન્ડડી) અને મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,

(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલ